# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૦ તા.૧૮-૦૬-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- તા.૨૧ મી જૂન-૨૦૧૮ના રોજ 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી બાબત.

સંદર્ભઃ- ક્રમાંક / પ્રાશિનિ/સંકલન/યોગ/૨૦૧૮/૩૧૩૨-૮૫ તા.૭-૬-૧૮નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે , યુનાઈટેડ નેશન્સ (UN) દ્વારા તા.૨૧ મી જૂનને 'વિશ્વ યોગ દિવસ' તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષે તા.૨૧ મી જૂન-૨૦૧૮ના રોજ 'ચોથા વિશ્વ આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે.

આ વર્ષે મ્યુનિ. શાળાઓમાં યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે નીચે મુજબનું આયોજન હાથ ધરવાનું રહેશે.

૧. આ વર્ષે તમામ મ્યુનિ. શાળાઓમાં જ શાળા કક્ષાએ જ ઉજવણી કરવાની છે. શાળામાં ધો.૫ થી ૮ના તમામ વિદ્યાર્થીઓએ યોગ કરવાના છે.

૨. તમારી શાળાના શિક્ષકે શાળામાં યોગ શિખવવા માટેની તાલીમ સ્કાઉટભવન ખાતે લીધેલ છે. તે મુજબ ૨૧ મી જૂનના દિવસે 'કોમન યોગા પ્રોટોકોલ'(CYP) મુજબ જ યોગ કરાવવાના છે. આ ઉપરાંત બાયસેગ તરફથી નિયમિત રૂપે 'કોમન યોગા પ્રોટોકોલ'(CYP)નું વંદે ગુજરાત-૧ ચેનલ પર સવારે ૭-૦૦ કલાકે પ્રસારણ થાય છે તે પરથી પણ તૈયારી કરી લેવી.

૩. આ ઉપરાંત વિભાગની વેબસાઈટ sycd.gujarat.gov.in અને sgsu.gujarat.gov.in ઉપરથી પણ 'કોમન યોગા પ્રોટોકોલ'(CYP) તથા તાલીમની અન્ય વિગતો મેળવવી અને શાળા કક્ષાએ સૂચના આપવી.

૪. શાળામાં યોગ દિવસની ઉજવણી કરવાની હોઈ તે સ્થળ/મેદાન સુનિશ્ચિત કરી લેવું. જરૂર પડે સ્થળની સ્વચ્છતા કરાવી લેવી.

વધુમાં તા.૨૧ મી જૂન-૨૦૧૮ના રોજ ઉજવવામાં આવનાર 'વિશ્વ યોગ દિવસ'માં ભાગ લીધેલ શાળાઓ , વિદ્યાર્થીઓ અને વાલીઓની વિગતો નીચે મુજબના નમુનામાં ઝોન કચેરીએ તા.૨૩-૬-૧૮ સુધીમાં ઈ.મેઈલ અથવા રૂબરૂ મોકલી આપવાની રહેશે. જે માહિતી ઝોન કક્ષાએથી તે જ દિવસે સાંજે ૫-૦૦ કલાક સુધીમાં મુખ્ય ઓફિસે મોકલવાની રહેશે.

**વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધેલ શાળાઓ,વિદ્યાર્થીઓ અને વાલીઓની વિગતો દર્શાવતું પત્રક**

| ક્રમ | શાળાઓની વિગત | | શિક્ષકોની વિગત | | વિદ્યાર્થીઓની વિગત | | ભાગ લીધેલ વાલીઓની સંખ્યા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ શાળાની સંખ્યા | ભાગ લીધેલ શાળાઓની સંખ્યા | કુલ શિક્ષકોની સંખ્યા | ભાગ લીધેલ શિક્ષકોની સંખ્યા | કુલ વિદ્યાર્થીઓની સંખ્યા | ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| કુલ | | | | | | | | |

તમારી શાળામાં યોગ દિવસે યોગ કરવા માટે એસએમસી.ના સભ્યો, વાલીઓ તથા યોગ પ્રેમી સ્વેચ્છાએ આવવા ઈચ્છે તો તેઓને પણ પુરતું માર્ગદર્શન આપી યોગ કરવા જોડવા.

તા. ૧૮-૦૬-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી